**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન–૧ : ખેડબ્રહમા વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તાલુકાવાર મંજુર/ભરેલી અને ખાલી જગ્યાઓ તેમજ ભરેલી જગ્યાની ટકાવારીની વિગતો શું છે ?**

**જવાબ :–**

| ક્રમ | તાલુકો | મંજુર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | ભરેલી જગ્યાની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિજયનગર | ૨૩ | ૨૩ | ૦ | ૧૦૦ ટકા |
| ૨ | ખેડબ્રહમા | ૩૪ | ૨૫ | ૯ | ૭૩ ટકા |
| ૩ | પોશીના | ૨૧ | ૧૬ | ૫ | ૭૬ ટકા |
| | | **૭૮** | **૬૪** | **૧૪** | **૮૨ ટકા** |

**માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીનાં સાબરકાંઠા જિલ્લાનાં ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓમાં તલાટી–કમ–મંત્રીઓની ઘટ બાબતેનાં પ્રશ્ન અંગે જણાવું તો,**

**માન. અધ્યક્ષશ્રી,**

માન. સભ્યશ્રી દ્વારા ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાનો જે પ્રશ્ન પૂછેલ છે તેની વાત કરૂ તો, માન. અધ્યક્ષશ્રી

આ ત્રણેય તાલુકાઓ પૈકી વિજયનગર તાલુકામાં કુલ મંજૂર **૨૩** એ **૨૩** જગ્યાઓ સંપૂર્ણ પણે ભરાયેલ છે.

એટલે કે ૧૦૦ % જગ્યાઓ ભરાયેલ છે, જ્યારે ખેડબ્રહ્મા તાલુકામાં **૩૪** પૈકી **૨૫** જગ્યાઓ ભરાયેલ છે અને પોશીના તાલુકામાં **૨૧** પૈકી **૧૬** જગ્યાઓ ભરાયેલ છે આમ કુલ ત્રણેય તાલુકાઓમાં મંજુર મહેકમ **૭૮** પૈકી **૬૪** જગ્યાઓ ભરાયેલ છે અને **૧૪** જગ્યાઓ ખાલી છે એટલે કે **૮૨** ટકા જગ્યાઓ ભરાયેલ છે.

**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન– ૨ : પ્રશ્નનાં જવાબમાં ત્રણ વર્ષથી ખાલી જગ્યાઓ ૧૦ બતાવેલ છે, તો આ જગ્યાઓ કયાંરથી ખાલી છે. ? તેમજ આટલા લાંબા સમયથી કેમ ખાલી છે? અને આ ખાલી જગ્યાઓની કામગીરીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? આ ૧૪ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનાં છો?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**

માન.સભ્યશ્રીએ ત્રણ તાલુકાઓમાં ખાલી જગ્યાઓ વિશે માહિતી માંગેલ છે. જેના જવાબમાં જણાવવાનું કે જે જગ્યાઓ ખાલી છે. એમાં મોટા ભાગની જગ્યાઓ બે તલાટીના સેજાવાળા જગ્યાઓ પૈકી એક જગ્યા ખાલી છે. જેથી ખાલી જગ્યા હોવાના કારણોસર પંચાયતની કામગીરીમાં વધુ અસર કર્તા નથી. અને ખાલી જગ્યાનો ચાર્જ એ જ સેજાના બીજા તલાટી–કમ–મંત્રીને ફાળવેલ છે. જેની સેજાવાર વિગતો વાત કરૂ તો..

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ખેડવા–૨ | ૧ | ૨૯–૧૨–૨૦૨૦ | શ્રી એમ.એ.પંચાલ ત.ક.મંત્રી ખેડવા (સ્થાનિક તલાટી) |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૨ | ખેડબ્રહ્મા | ઉંચીધનાલ–૨ | ૧ | ૨૧–૦૩–૨૦૨૦ | શ્રી એ.એન.ચૌધરી ત.ક.મંત્રી ઉંચીધનાલ (સ્થાનિક તલાટી) |
| ૩ | ખેડબ્રહ્મા | રૂદ્રમાળા–૨ | ૧ | ૨૧–૦૩–૨૦૨૦ | શ્રી એચ.આર.ચૌધરી ત.ક.મંત્રી રૂદ્રમાળા (સ્થાનિક તલાટી) |
| ૪ | ખેડબ્રહ્મા | ખેરોજ–૨ | ૧ | ૧૮–૧૦–૨૦૧૭ | શ્રી એચ.એમ.રહેવર ત.ક.મંત્રી ખેરોજ (સ્થાનિક તલાટી) |
| ૫ | ખેડબ્રહ્મા | મટોડા–૨ | ૧ | ૧૬–૦૩–૨૦૨૦ | શ્રી જે.વી.બુબડિયા ત.ક.મંત્રી મટોડા (સ્થાનિક તલાટી) |
| ૬ | ખેડબ્રહ્મા | વરતોલ–૨ | ૧ | ૩૧–૧૨–૨૦૨૦ | શ્રી ડી.એમ.ચૌહાણ ત.ક.મંત્રી વરતોલ (સ્થાનિક તલાટી) |
| ૭ | ખેડબ્રહ્મા | આગીયા–૨ | ૧ | ૨૧–૦૯–૨૦૨૧ | શ્રી એસ.કે.પ્રજાપતિ ત.ક.મંત્રી આગીયા (સ્થાનિક તલાટી) |
| ૮ | ખેડબ્રહ્મા | ગાડુ | ૧ | ૦૬–૧૧–૨૦૨૩ | શ્રી એ.એસ.ગમાર ત.ક.મંત્રી ગલોડિયા (સ્થાનિક તલાટી) |
| ૯ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા–૧ | ૧ | ૨૦૧૫ થી ખાલી | રેવન્યુ તલાટી (સ્થાનિક તલાટી) |
| ૧૦ | પોશીના | ગણવા | ૧ | ૩૧–૦૫–૨૦૨૨ | શ્રી એમ. આઇ. રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા (સ્થાનિક તલાટી) |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧૧ | પોશીના | લાંબડીયા-૨ | ૧ | ૩૧-૧૨-૨૦૨૦ | શ્રી એમ. આઇ. રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા (સ્થાનિક તલાટી) |
| ૧૨ | પોશીના | પોશીના | ૧ | ૨૩-૦૮-૨૦૨૩ | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના (સ્થાનિક તલાટી) |
| ૧૩ | પોશીના | અજાવાસ-૨ | ૧ | ૧૬-૦૩-૨૦૨૦ | શ્રી એન.આઇ.ડામોર ત.ક.મંત્રી અજાવાસ (સ્થાનિક તલાટી) |
| ૧૪ | પોશીના | પોશીના-૩ | ૧ | ૨૩-૦૮-૨૦૨૩ | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના (સ્થાનિક તલાટી) |
| **કુલ ખાલી** | | | **૧૪** | | |

**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન–૩: તલાટી–કમ–મંત્રી સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

---

**જવાબ :**

માન.અધ્યક્ષશ્રી ..

વિકાસ કમિશનર, ગાંધીનગરના તા.૧૪/૦૭/૨૦૨૩નાં પરિપત્રથી તલાટી–કમ–મંત્રી સેજા પર નિયમિત હાજર રહે તે અંગેની જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરેલ છે.

(૧) દરેક તલાટી–કમ–મંત્રીશ્રીએ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહી શકશે નહિ. આ માટે ચાર્જની વ્યવસ્થા તાત્કાલિક વ્યવ્સ્થા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) એક કરતા વધુ સેજા ખાતે તલાટી–કમ–મંત્રીશ્રી ફરજ બજાવતા હોય તો, સરકારી કામકાજના અઠવાડીક દિવસો અને ફાળવવામાં આવેલ સેજાના અનુપાતમાં દરેક સેજા પર સરકારી કામકાજ માટે ઉપલબ્ધ રહેવાનુ રહેશે. જે અંગેનું સમયપત્રક દિવસવાર ત્રણેય ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ ઉપર સ્પષ્ટપણે વાંચી શકાય તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે

(૩) તલાટી–કમ–મંત્રીશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઉક્ત પત્રક મુજબ તેઓ જે–તે સમયે સંબંધિત સેજા ખાતે ઉપલબ્ધ રહે છે કે કેમ? તે અંગે સંબંધિત તાલુકા પંચાયત

કચેરીનાં અધિકારી/કર્મચારીએ ગામની આકસ્મિક મુલાકાત લેવાની રહેશે.

- આ પ્રકારે મુલાકાત સંબંધિત રજિસ્ટર નિભાવવાનું રહેશે.
- તલાટી કમ મંત્રીની ગેરહાજરી જણાયે ગંભીરતા અનુસાર તાકીદ, બિનપગારી રજા અથવા તો શિશ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે.

(૪)સંબંધિત તાલુકા પંચાયત કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા તલાટી–કમ–મંત્રીની હાજરી બાબતે લેવામાં આવેલ આકસ્મિક મુલાકાત સબબ નિભાવેલ રજીસ્ટરની તારીજ પ્રત્યેક માસની ૧૫(પંદર) અને ૩૦(ત્રીસ) તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

આ સુચનાઓની અમલવારી કરવાના ભાગરૂપે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જીલ્લાના વિકાસ અધિકારીઓ દ્વારા સતત મુલ્યાંકન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**માન.ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલા (હિંમતનગર)**

**અગ્રતા ક્રમ – ૯**

**પ્રશ્ન–૪ : ખેડબ્રહમા વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યાઓની કામગીરીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?**

**જવાબ :–**

**માન. અદ્યક્ષશ્રી,**

હવે જે જગ્યાઓ ખાલી છે તેની વિગતવાર વાત કરૂ તો, માન. યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેંદ્રભાઈ પટેલની સરકારમાં રાજ્યના કોઈપણ સેજા પર કામગીરી ખોરવાય નહિ અને પ્રજાને હાલાકી ન પડે તેનું ખાસ ધ્યાન રાખીને નીચે મુજબ કામગીરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પોશીના તાલુકામાં જે પાંચ જગ્યાઓ ખાલી છે તે પૈકી અજાવાસ અને લાંબડીયા સેજામાં બે–બે જગ્યાઓ મંજૂર થયેલ છે પરંતુ તે પૈકીની એક–એક જગ્યા ભરાયેલ હોઈ કામગીરી ને કોઈ જ અસર થતી નથી. જ્યારે અન્ય એક સેજામાં નજિકનાં સેજાનાં તલાટી કમ મંત્રીને કામગીરી સોંપવામાં આવેલ છે.

તે જ રીતે પોશીના સેજા પર ત્રણમાંથી એક જગ્યા ભરાયેલ હોઈ કામગીરીને કોઈ અસર ના થાય તે રીતે ચાર્જની વ્યવ્સ્થા કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હવે ખેડબ્રહ્મા તાલુકાની વાત કરુ તો, આ તાલુકામાં પણ ખેડવા, ઉંચી ધનાલ, રૂદ્રમાળા, ખેરોજ, મટોડા, વરતોલ અને આગીયા સેજામાં મંજૂર થયેલ બે–બે જગ્યાઓ પૈકી મૂળ સેજામાં એક–એક તલાટી કમ મંત્રીની જગ્યા ભરવામાં આવેલ છે, આથી જે– તે સેજાની કામગીરીને કોઈ અસર થતી નથી.

ખેડબ્રહ્મા સેજાની જે જગ્યા લાંબા સમયથી ખાલી છે તેના પર સરકારશ્રી દ્વારા રેવન્યૂ તલાટીની નિમણૂક કરાયેલ હોઈ કામગીરીને કોઈ અસર થતી નથી. જ્યારે ગાડુ સેજામાં નજીકનાં સેજાના તલાટી કમ મંત્રીશ્રીને કામગીરી સોંપેલી હોઈ કામગીરીને કોઈ અસર પડતી નથી.

અને વિજયનગર તાલુકામાં મંજૂર થયેલ **૨૩ માંથી ૨૩** જગ્યાઓ ભરાયેલ છે, જેથી કોઈ પ્રશ્ન નથી.

વધુમાં જણાવવાનું કે ગતવર્ષમાં થયેલ ભરતીમાં સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી સંવર્ગનાં રજૂ કરેલ માંગણાપત્રક મુજબની **૩૨** એ **૩૨** જગ્યાઓ વિવિધ

તબક્કાઓમાં જેમ કે, રીશફલીંગ અને વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થવાથી ભરાયેલ છે. જે બદલ હું માન.મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છુ.

આમ, **માન.અધ્યક્ષશ્રી** મારા પંચાયત વિભાગ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન અને પ્રેરણાથી કોઈપણ વિવાદ કે ફરિયાદ વિના તેમજ પારદર્શકતા, ચોકસાઈ અને ગોપનીયતાના સિધ્ધાંતોનો સુભગ સમન્વય સાધીને આ ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

માન.સભ્યશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, આગામી દસ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તબક્કાવાર સંભવિત **૬૦** તલાટી કમ મંત્રીઓની જગ્યા ભરવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત તમામ તાલુકાઓમાં ખાલી જગ્યાઓના ગુણોત્તરના આધારે આ ત્રણ તાલુકાઓને પણ જગ્યાઓ ફાળવી આપવામાં આવશે.

## માન.ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)

**અગ્રતા ક્રમ– ૯**

**પ્રશ્ન–પ: તલાટી–કમ–મંત્રી સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

**જવાબ :**

માન.અધ્યક્ષશ્રી ..

વિકાસ કમિશનર, ગાંધીનગરના તા.૧૪/૦૭/૨૦૨૩નાં પરિપત્રથી તલાટી–કમ–મંત્રી સેજા પર નિયમિત હાજર રહે તે અંગેની જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરેલ છે.

(૧) દરેક તલાટી–કમ–મંત્રીશ્રીએ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહી શકશે નહિ. આ માટે ચાર્જની વ્યવસ્થા તાત્કાલિક વ્યવ્સ્થા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) એક કરતા વધુ સેજા ખાતે તલાટી–કમ–મંત્રીશ્રી ફરજ બજાવતા હોય તો, સરકારી કામકાજના અઠવાડીક દિવસો અને ફાળવવામાં આવેલ સેજાના અનુપાતમાં દરેક સેજા પર સરકારી કામકાજ માટે ઉપલબ્ધ રહેવાનુ રહેશે. જે અંગેનું સમયપત્રક દિવસવાર ત્રણેય ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ ઉપર સ્પષ્ટપણે વાંચી શકાય તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે

(૩) તલાટી–કમ–મંત્રીશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઉક્ત પત્રક મુજબ તેઓ જે–તે સમયે સંબંધિત સેજા ખાતે ઉપલબ્ધ રહે છે કે કેમ? તે અંગે સંબંધિત તાલુકા પંચાયત કચેરીનાં અધિકારી/કર્મચારીએ ગામની આકસ્મિક મુલાકાત લેવાની રહેશે.

- આ પ્રકારે મુલાકાત સંબંધિત રજિસ્ટર નિભાવવાનું રહેશે.
- તલાટી કમ મંત્રીની ગેરહાજરી જણાયે ગંભીરતા અનુસાર તાકીદ, બિનપગારી રજા અથવા તો શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સંબંધિત તાલુકા પંચાયત કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા તલાટી–કમ–મંત્રીની હાજરી બાબતે લેવામાં આવેલ આકસ્મિક મુલાકાત સબબ નિભાવેલ રજીસ્ટરની તારીજ પ્રત્યેક માસની ૧૫(પંદર) અને ૩૦(ત્રીસ) તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

આ સુચનાઓની અમલવારી કરવાના ભાગરૂપે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જીલ્લાના વિકાસ અધિકારીઓ દ્વારા સતત મુલ્યાંકન અને મોનીટરીંગ કરવામાં આવે છે.